

## ધાનેરામાં વિશ્વકર્મા જન્મ જયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રા નીકળી

ધાનેરા માં વિશ્વકર્મા જન્મ જયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હતી અને આ શોભા યાત્રા માં સુથાર સમાજ સહીત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. વિશ્વકર્મા જન્મ જયંતિ નિમિતે ધાનેરા માં આવેલા ભગવાન વિશ્વકર્મા ના મંદિર થી આજે ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી જે વિશ્વકર્મા મંદિર થી લઇ ધાનેરા ના જાહેર માર્ગો ઉપર ફરી હતી જેમાં સુથાર સમાજ સહીત મોટી સંખ્યા માં લોકો જોડાયા હતા અને આ શોભાયાત્રા નું વિવિધ જગ્યા ઉપર લોકો ધ્વરા ભ વય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# વડગામ કોર્ટ દ્વારા સાધ્વીના ૩ દિવસના રિમાન્ડ મંજુર

વડાગામ, તા.૧૨

વડગામના મુક્તેશ્વર મઠની વિવાદિત સાધ્વી પોલીસ અને કોર્ટના આંટાફેરામાં અટવાઈ છે. મુક્તેશ્વર ખાતેના ધાર્મિક કાર્યક્રમમાં થયેલા ફાયરિંગના ગુનામાં વડગામ પોલીસે સાધ્વીને કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ માગ્યા હતા. જોકે, કોર્ટે સાધ્વીના ૩ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

મુક્તેશ્વર ખાતે સાધ્વી આયોજિત કીર્તિદાન ગઢવીના લોક ડાયરા ટાંણે ફાયરીંગ થયું હોવાનો વિડિઓ વાયરલ થયો હતો. જે ગુનામાં પોલીસે સાધ્વીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરી હતી. જેમાં કોર્ટ દ્વારા ૩ દિવસના રિમાન્ડ મંજુર કરાયા હતા. ત્યારે પોલિસ આ ગુનામાં સ્થળ તપાસ પણ કરી શકે છે. તેવા અહેવાલ મળ્યા છે.

### ફાયરીંગની મને જાણ નથી : સાધ્વી

વડગામ કોર્ટ બહાર સાધ્વીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે,તે ધાર્મિક ડાયરો હતો. જેમાં ફાયરિંગ થયું હોવાની મને ખબર નથી. વધુમાં, પૈસા અને દારૂ મારો ન હતો અને ફોર્ચ્યુન ગાડી ભક્તની હોવાનું સાધ્વીએ જણાવ્યું હતું.

### ટ્રસ્ટના બેન્ક ખાતાઓની તપાસ



મુક્તેશ્વર મઠ સ્થિત ટ્રસ્ટની ગતરોજ બનાસકાંઠાનાં મદદનીશ ચેરિટી કમિશનરે તપાસ હાથ ધરી વહીવટદાર ની નિમણુંક કરી હતી. ત્યારે આજે બીજા દિવસે પણ વહીવટદાર દ્વારા ટ્રસ્ટની આશરે ૨૦૦ વિઘા જમીનનું પંચનામું કરાયું હતું. આ ઉપરાંત વહીવટદાર દ્વારા બેન્ક ખાતાઓની તપાસ કરાઈ હતી. જેમાં ૬ બેંકો ના સેવિંગ ખાતા મા ૧.૭૫ લાખની રકમ તથા ૬ બેંકો મા એફ.ડી.પેટે ૪.૫૭ લાખની રકમ હોવાના અહેવાલ વચ્ચે ટ્રસ્ટીઓની બેન્ક લેવડ દેવડ પર રોક લગાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### સહ આરોપીની ધરપકડ

સાધ્વી છેતરપિંડી કેસના સહ આરોપી ચિરાગ રાવલની ટ્રાન્સફર વોરન્ટને આધારે પાલનપુર પૂર્વ પોલીસે ધરપકડ કરી હતી. વ્યાજખોરી અને ધાકધમકી ના ગુનામા ચિરાગ રાવલની ધરપકડ કરાઈ છે. ત્યારે આવતીકાલે ચિરાગ ને કોર્ટ સમક્ષ રજૂ કરાશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

# અંબાજી મુકામે તૃતિય અંબાજી મહોત્સવ યોજાયો

પાલનપુર, તા.૧૨

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટીતંત્ર બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે તૃતિય અંબાજી મહોત્સવ યોજાયો હતો. આ મહોત્સવને ગુજરાત રાજય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેકટર ગણપતભાઇ જોષી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર એમ.વાય.દક્ષિણી અને કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી જેનુ દેવનના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુ?લ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડિરેકટરશ્રી ગણપતભાઇ જોષીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે અંબાજી આસપાસના અંતરિયાળ આદિવાસી બાળકોની કલાને પ્રદર્શિત કરવા માટેનું સ્ટેજ આવા કાર્યક્રમો ધ્વારા પુરુ પડાય છે. આવા સાંસ્કૃતિક કાર્યક્રમોના માધ્યમથી ઉગતા કલાકારોને પ્રોત્સાહન મળે છે. આ બાળકોને કોઇ કોચીંગ કે ટ્રેનિંગ વગર એમના અંદર પડેલી કલાને ઉજાગર કરવાની એક તક રાજય સરકાર ધ્વારા આવા મહોત્સવના માધ્યમથી પુરી પડાય છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર એમ.વાય.દક્ષિણીએ પ્રાસંગીક પ્રવચન કરતાં આ મહોત્સવને માણવા તેમણે માઇભકતોને અનુરોધ કર્યો હતો.

અંબાજી મહોત્સવની ઉજવણી દરમ્યાન આદિવાસી વિસ્તારની શાળાના બાળકોએ હોળી નૃત્ય, ધમાલ નૃત્ય, માતૃગીત, ડાંગી નૃત્ય વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો અને કલાકારશ્રીઓએ લોક ડાયરો રજુ કર્યો હતો. સરસ કાર્યક્રમો અને સંગીતના શૂરથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યુંહતું. આ પ્રસંગે દાંતા પ્રાંત અધિકારીશ્રી વાઘેલા, અંબાજી મંદિરના વહીવટદારશ્રી આર.કે.પટેલ, નાયબ ઇજનેરશ્રી ગિરીશભાઇ પટેલ, વિવેકાનંદ યુવક વિકાસ મંડળના પ્રમુખશ્રી ગૌરાંગભાઇ પાધ્યા, રમત-ગમત અધિકારીશ્રી મુકેશભાઇ ઘોયા સહિત અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં માઈકભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



# બનાસ એન.પી.પ્લસ સંસ્થાના એચઆઈવી પોઝીટીવ વ્યક્તિઓના લાભાર્થે 'સુહાની શામ, સંગીત કે નામ' કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧૨

બનાસ એન.પી. પ્લસ સંસ્થાના એચ.આઈ.વી. પોઝીટીવ વ્યક્તિઓના લાભાર્થે ઓમકાર એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટ અને પોતાના ઓરકેસ્ટ્રા કલાકારો સાથે જાણીતા ફિલ્મ ગીતો સાથે ધૂમ મચાવી હતી. આ સંગીત સંધ્યા કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા ગાયક કલાકાર સલીમ મલીક, રાકેશ રાજ,

આ કાર્યક્રમનું આયોજન ઓમકાર એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટના મંત્રી કમલેશ ઠક્કર અને સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશનના ચેરમેન નયન





સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સુહાની શામ, સંગીત કે નામ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બનાસ ડેરીના ડીરેક્ટર પી.જે. ચૌધરી, સ્વચ્છ ભારત અભિયાન, બ.કાં.ના બ્રાન્ડ એમ્બેસેડર ડૉ. સુરેન્દ્ર ગુપ્તા, ગાંધીનગરના ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, રાજકમલ ફેશ મોલના સુરેશભાઈ માળી, નિસર્ગ હોન્ડાના યાસિનભાઈ બંગલાવાલા, ઈન્ડીયન ટાઈગર ગ્રુપના પ્રમુખ પૂરવભાઈ મોદી, આદર્શ મહિલા કોલેજના આચાર્યા ડૉ. આરતીબેન પટેલ, ડૉ. કે.જી. ટેલર, ડૉ. મનિષ ઠક્કર, ભાજપ અનુ. જાતિ મોરચા બ.કા.ના મંત્રી ભરતભાઈ પરમાર, સાગર જાની, અશોકભાઈ પટેલ સહિત પાલનપુરના સંગીત રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં જાણીતા સંગીતકાર મયુર સોની જાણીતા અભિજીત રાવ, અલ્કા ઠાકુર, હેતલ નાયકે અદભુત ગીતો રજૂ કરી સૌને મંત્ર મુગ્ધ કરી મુક્યા હતા. આ પ્રસંગે તાજેતરમાં રીલીઝ થવા જનાર ગુજરાતી ફિલ્મ તૃપ્તિના ફિલ્મ કલાકાર જીલ જોષી, મિત્તલ ગોહિલ, સંજય મૌર્ય અને પ્રોડ્યુસર મણીલાલ ગામોટ વિશેષ ઉપસ્થિત રહેતા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

ચત્રારિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા મંત્રી ભરત ચડોખિયા, પ્રોજેક્ટ ચેરમેન અક્ષય વ્યાસ, ઉપ પ્રમુખ લલિત ચત્રારિયા, પ્રોજેક્ટ સેક્રેટરી જયેશ વાગડોદા તથા બનાસ એન.પી. પ્લસ સંસ્થાના પ્રમુખ નરેશ સોની અને તેમના સહ કાર્યકરોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

# આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા વિશે કાર્યક્રમનું આયોજન

યાત્રાધામ અંબાજી ખાતે ઉનાઈથી પ્રારંભ થઇ અંબાજી ખાતે તારીખ ૧૮ ફેબ્રુઆરીના સમાપન થનાર 'આદિવાસી વિકાશ ગૌરવ યાત્રા' ના આયોજન અંગે પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, બનાસકાંઠા પ્રભારી દુષ્યંત ભાઈ પંડ્યા, ગુજરાત સરકારના મંત્રી અને જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણ, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, પ્રદેશ બક્ષીપંચ મોરચાપ્રમુખ દિનેશભાઈ અનાવાડીયા, જિલ્લા મહામંત્રી અમૃતભાઈ દવે, ભારતસિંહજી ભટેસરિયા સહીત જિલ્લાના આગેવાનો એ દાંતા, અમીરગઢ અને અંબાજી ભાજપ મંડળના બુથ લેવલ ના ૭૦૦ થી વધુ કાર્યકર્તાઓની બેઠક લીધી.

# માલપુર પાસે ટ્રેકટરની ટક્કરમાં બાઈકસવાર મહિલાનું મોત

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લામાં માલપુર તાલુકાના નાનાવાડા રોડ ઉપર ટ્રેકટરની ટક્કરે બાઈક પર બેઠેલે મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે આરોપી ટ્રેકટરનો ચાલક અકસ્માત સર્જી મહિલાનું મોત નિપજાવી ફરાર થઈ જતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માલપુર તાલુકાના અશોકકુમાર રાયચંદભાઈ પરમારે પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદ મુજબ અરવિંદભાઈ રાયચંદભાઈ પરમાર અને તેમની પત્ની નાનાવાડા રોડ ઉપરથી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા. દરમિયાન સામેની સાઈડ ટ્રેકટરના ચાલકે પુરજોશમાં અને ગફલતભરી રીતે પોતાના કબજાનું વાહન હંકારી લાવી આ બાઈકને ટક્કર મારી જીવલેણ અકસ્માત સર્જ્યો હતો.

ટ્રેકટરની ટક્કરે બાઈક ફંગોળાઈ જઈ રોડ સાઈડ પટકાયું અને સર્જાયેલા આ જીવલેણ અસ્માતમાં બાઈક પાછળ બેઠેલ સીતાબેનના શરીરે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું અને અકસ્માત સર્જી ટ્રેકટરનો ચાલક પોતાના કબજાનું ટ્રેકટર મુકી નાસી છૂટ્યો હતો. આ અંગે માલપુર પોલીસે અજાણ્યા ટ્રેકટરના ચાલક વિરુદ્ધ ઈપીકો કલમ ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમવી એક્ટ ૧૩૪(બી) મુજબ ગુનો નોંધી વધુ તપાસ પોસઈ એન.એમ. ચૌધરીએ હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોડાસામાં જનવેદના સંમેલન યોજાયું

## નોટબંધીથી હજુ પણ ગામડાઓમાં ભારે હાલાકી : પશુપાલકોની સ્થિતિ કફોડી

અરવલ્લી, તા. ૧૨

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોડાસા સહકારી જીન ખાતે નોટબંધીના નિર્ણય બાદ જિલ્લાવાસીઓને ભારે હાલાકી



પડવાની સાથે ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે. અને જિલ્લામાં ખેડૂતો અને પશુપાલકોને રૂપિયાની લેતી-દેતીનો ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાના પગલે જિલ્લા કોંગ્રેસ સમિતિએ આમજીવનમાં સર્જાયેલી અસરોથી ત્રસ્ત પ્રજાની સમસ્યાઓને વાચા આપવા જનવેદના સંમેલન યોજ્યુ હતુ.

મોડાસાની સહકારી જીન ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદેદારો અને ગુજરાત કોંગ્રેસ સમિતિના મંત્રી વનરાજસીંહ રાઠોર, અરૂણ પટેલ, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, જયદત્તસીંહ પુવાર સહિત આગેવાનો અને પ્રદેશ કોંગ્રેસના નિરિક્ષક અને પૂર્વ ધારાસભ્ય ગુણવંત મકવાણા, ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર ઉપસ્થિત રહી જનવેદના સંમેલન યોજાયુ હતુ. આ જનવેદના સંમેલનમાં નોટબંધી બાદ પ્રજાને પડતી નાણાંકીય મુશ્કેલીઓ અને જીવનનિર્વાહ ચલાવવા સર્જાયેલી અસરોનો ચિતાર કાર્યકરો અને ઉપસ્થિત પ્રજાજનો અગ્રણી સમક્ષ રજૂ કરાયો હતો. ગુજરાત કોંગ્રેસ આઈ.ટી. સેલના મંત્રી આનંદ પરમારે નોટબંધી પગલે આક્રમક ચિતાર આપી પ્રજાજનોને પડતી મુશ્કેલીઓનો સીલસીલાબંધ વિગતવાર રજૂઆત કરી હતી. સામાજીક સમિતિના જિલ્લા ચેરમેન રેવાભાઈ ભાંભી સહિત અગ્રણી કોંગ્રેસીઓએ નોટબંધીના પગલે કાળુ નાણુ બહાર આવવાના બદલે કાળુ નાણુ સગેવગે કરવા માટે નોટબંધી લાદી હોવાના આક્ષેપ કર્યા હતા. સમગ્ર જનવેદના આંદોલનમાં યુવા કોંગ્રેસી અમીત મકવાણા, અરૂણ ચાવડા અને ચિરાગ પટેલે ગરીબ વર્ગ અને મધ્યમવર્ગીય પ્રજાજનો પીસાઈ રહ્યો હોવાનુ અને સરકારની નીતિ પશુપાલકો અને ખેડૂતો વિરોધી હોવાનો આક્રોશભર્યો સૂર વ્યક્ત કરાયો હતો.

# અરવલ્લી જિલ્લામાં ૧૦૧૩ બુઠો પર પંડિત દિન દયાલજીની પુણ્યતિથિએ કાર્યકરો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરાઈ

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લામાં આજે ૬ તાલુકાના ૧૦૧૩ બુથ ઉપર પંડિત દિન દયાલજીની પુણ્યતિથિએ કાર્યકરો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરીને તેમના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે કાર્યક્રમો યોજીને તેમના જીવન કવનને અને તેમની રાષ્ટભાવનાને ઉજાગર કરવામાં આવી હતી.જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીના નેતૃત્વમાં જિલ્લાના તમામ ૬ તાલુકાના ૧૦૧૩ બુથો ઉપર કાર્યકરોએ મહાન તત્વચિંતક,કુશળ સંગઠનકર્તા તેમજ માનવવાદ અને અંત્યોદયનો મંત્ર આપનાર પંડિત દીનદયાલજીની છબી ઉપર પુષ્પમાળા પહેરાવી પુણ્યતિથિએ તેમના આદર્શોને ઉજાગર કરવા સંકલ્પ લીધા હતા. જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલે જણાવ્યું કે એકલા મોડાસા તાલુકામાં જુદા જુદા ગામોમાં ૧૬૫ બુથ ઉપર દિન દયાલજીની પુણ્યતિથિએ કાર્યકરોએ એકત્ર થઈ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



# અરવલ્લી પંચાયત પાલિકાની ચૂંટણીમાં વણકર સમાજના વિજેતા સરપંચોનો સન્માન સમારોહ યોજાયો

અરવલ્લી જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં અનામત સીટ અને જનરલ સીટ પર વિજેતા બનેલા સરપંચોનો રવિવારે જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા પ્રમાણી સંપ્રદાયના મંદિરના પરિસરમાં યોજાયો હતો. જેમાં અરવલ્લી જિલ્લા યુવા વણકર સેવા સંગઠન અને દબંગ ગ્રુપના યુવાઓ દ્વારા બામણવાડ ગ્રામ પંચાયતના જનરલ સીટ પર વિજેતા બનેલા વાલાભાઈ દાનાભાઈ પ્રણામી, બુટાલ ગ્રામ પંચાયત અનામત સીટ પરથી ચૂંટાયેલા યુવા સરપંચ દિપકભાઈ લલીતભાઈ બુટાલા અને ગઢડા ગ્રામ પંચાયતમાં મહિલા ઉમેદવાર તરીકે વિજેતા ઉમેદવાર કમળાબેન યોગેશકુમાર પ્રણામીને ફુલહાર અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતુ. તમામ ત્રણેય વિજેતા સરપંચો સમાજની સાથે ગામનો પણ જિલ્લામાં અગ્રેસર વિકાસ કાર્યો કરવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

# ગુજરાતી ફિલ્મ તૃપ્તિના ફિલ્મ કલાકારો પાલનપુર શહેરના મહેમાન બન્યા

હાલમાં ગુજરાતમાં ગુજરાતી ફિલ્મો જોવાનો ઉત્સાહ વધતો જોવા મળી રહ્યો છે. તેથી ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન મળી રહ્યું છે. હાલમાં રજુ થયેલી તમામ ફિલ્મોથી અલગ પ્રકારની અને હોરર ફિલ્મ 'તુપ્તિ' તાજેતરમાં રીલીઝ થવા જનાર છે. ફિલ્મ તૃપ્તિના ફિલ્મ કલાકાર જીલ જોષી, મિત્તલ ગોહિલ, સંજય મૌર્ય અને પ્રોડ્યુસર મણિલાલ ગામોટ પાલનપુરના મહેમાન બનતા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ પ્રસંગે આ ફિલ્મ 'તુપ્તિ'ની માહિતી આપવા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પત્રકારો સાથેની વાતચીતમાં આ ફિલ્મના કલાકારોએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીની ફિલ્મોથી અલગ વિષય ઉપર આ ફિલ્મ તૈયાર કરવામાં આવી છે. આ ફિલ્મમાં હિન્દી ફિલ્મોના જાણિતા કલાકાર ટીકુ તલસાણિયાએ ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા આ ફિલ્મમાં વિશેષ અભિનય કર્યો છે. આ ફિલ્મનું સાબિર શેખે ડાયરેક્શન કર્યું છે. ઈશ્વર જતવાડીયા, રાજુ ગડા, અલિભાઈ તથા મણિલાલ ગામોટ આ ફિલ્મના નિર્માતા છે. આ ફિલ્મ જોવા જતા પ્રેક્ષકોને ફિલ્મ જોયા બાદ ત્રણ પ્રશ્નોના જવાબ આપનારને સ્માર્ટ ફોન ગિફ્ટ આપવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી હતી.







## વિજાપુર તાલુકાના ફલુ ગામે પુસ્તક વિમોચન સમારંભ યોજાયો

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ફલુ ગામે ડો.ડાહ્યાભાઈ પટેલના પુસ્તક '' પર સેવાની પ્રેરણામુર્તિ'' નું વિમોચન મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ડો.ડાહ્યાભાઈ પટેલે તબીબી સરકારી સેવા છોડીને તાલુકાના લોકોની સેવા થાય તે માટે ખાનગી દવાખાનું શરૂ કર્યું હતું. સેવા પરમો ધર્મના આદર્શથી ચાલનારા ડો. ડાહ્યાભાઈ પટેલ દ્વારા ''પર સેવાના પ્રેરણામુર્તિ '' પુસ્તક લખાયું હતું. આ પુસ્તકના વિમોચન પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ડો.ડાહ્યાભાઈ પટેલની સેવાઓ અને કામગીરી લોકો માટે પ્રેરણાદાયક બની છે.જીવનમાં વ્યક્તિ કેટલું જીવ્યો તે નહી પણ કેવું જીવ્યો તે મહત્વનું છે.જીવન લોકો માટે ઉપયોગી બની રહે તે માટે દયા,કરૂણા,પ્રેમ,અને નિસ્વાર્થ પણું હોવું જરૂરી છે. ડો.ડાહ્યાભાઈ પટેલે નિસ્વાર્થ ભાવે લોકોની સેવા કરી સાચા અર્થમાં માનવી બન્યા છે.